**<u>દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ</u>**

**<u>નીમાયેલ કમિશ્નર શ્રી પી.એસ.સુચક સાહેબ સમક્ષ, દાહોદ</u>**

**વ.કો.ફેટલ પરચુ. અ.નં.૦૯/૨૦૨૬**

**ઈન વ.કો.ફેટલ અ.નં.૦૨/૨૦૨૨**

**અરજદાર :** ગુજ. કિર્તનભાઈ છગનભાઈ બબેરીયાના આશ્રીતો

(૧) સુમાબેન કિર્તનભાઈ બબેરીયા

(૨) સુરતીબેન કિર્તનભાઈ બબેરીયા

(૩)વિજયભાઈ કિર્તનભાઈ બબેરીયા

(૪) અજયભાઈ કિર્તનભાઈ બબેરીયા

(૫) સંજયભાઈ કિર્તનભાઈ બબેરીયા

(૬) ઈન્દીરાબેન કિર્તનભાઈ બબેરીયા

તમામ રહે. ઠે. નિચવાસ ફળીયુ, વણઝારી બજાર,

મુ.બાડિબાર, તા.જી.દાહોદ.

**– :: વિરુધ્ધ :: –**

**સામાવાળા :** (૧) જનરલ મેનેજર

વેસ્ટર્ન રેલ્વે, ચર્ચ ગેટ, મુંબઈ.

(૨) ક્રિષ્ણાન કન્સ્ટ્રકશન પ્રા.લી.

દેવુ બા, ભાવનગર સૌરાષ્ટ્ર.

(૩) ડીવીઝનલ રેલ્વે મેનેજર,

ભાવનગર, પરા સૌરાષ્ટ્ર.

(૪) ડિવિઝનલ ઓપરેટીગ મેનેજર

વેસ્ટર્ન રેલ્વે, ભાવનગર.

**<u>–: આંક–૦૧ લગત હુકમ : –</u>**

(૧) સદર અરજી આ કામના અરજદારે કામદાર વળતર ધારા–૧૯૨૩ જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી અરજદારોને વર્કમેન ફેટલ અરજી દાલખ કરવામાં થયેલ છે.

(૨) આ કામે બંને પક્ષકારો વચ્ચે રાજીખુશીથી સમાધાન થયેલાનું આંક–૦૬ ની પુરસીસ પરથી જણાઈ આવતું હોય જેથી સમાધાન રેકોર્ડેડ કર્યુ.

(૩) આ કામે રેકર્ડ જોતા ગુજરનાર કિર્તનભાઈ છગનભાઈ બબેરીયાનું નોકરીની ફરજ દરમ્યાન તા.૧૩/૦૭/૨૦૧૫ ના રોજ ગુજરી ગયેલા જે અંગે ગુજરનારના વિધવા પત્નિ અને તેમના પુત્રો ધ્વારા હાલની અરજી કરેલ છે જે ધ્યાને લેતા તથા કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ ની કલમ–૪ ની કાયદાકીય જોગવાઈ મુજબ તથા વ.કો.ફેટલ અ.નં.૦૨/૨૦૨૨ ના કામે કરેલ હુકમ મુજબ આ કામના તમામ અરજદારો ગુજરનાર કિર્તનભાઈ છગનભાઈ બબેરીયાના આશ્રીતો હોવાનું રેકર્ડ પરથી જણાય આવે છે.

(૪) આ કામે અરજીમાં વ.કો.ફેટલ અ.નં.૦૨/૨૦૨૨ ના કામે કરેલ હુકમ મુજબ વળતર, પેનલ્ટી, વ્યાજ તથા ખર્ચની રકમની માંગણી કરેલ છે જે ગુજરનારના આશ્રીતો અને સામાવાળાઓ ધ્વારા આંક–૦૬ ના સમાધાન મુજબ કુલ રકમ રૂ.૧૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા અઢાર લાખ પુરા) માં બંને

પક્ષકારોને સમાધાન થયેલ હોય જે સમાધાન બંને પક્ષકારો વચ્ચે રાજીખુશીથી થયેલ હોય આંક–૦૬ ના સમાધાન મુજબ કેસ ફેસલ કરવા હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતું હોય તેમજ આ કામે સામાવાળાઓએ સમાધાન મુજબની રકમ દિન–૩૦ માં અત્રેની અદાલતમાં જમાં કરાવવાની રહેશે. જો રકમ જમાં કરાવવામાં વિલંબ થશે તો ત્યારબાદ રકમ જમાં કરાવ્યા સુધી ૧૨ % ના સાદા વ્યાજ સાથે સમાધાનની રકમ ભરવાની રહેશે તે શરતે સમાધાન મંજુર કરવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

(૧) આ કામે આંક–૦૬ ના સમાધાન મુજબ કેસ ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે અરજદાર નં.૧ સુમાબેન કિર્તનભાઈ બબેરીયાની વિધવા, અરજદાર નં.૨ સુરતીબેન કિર્તનભાઈ બબેરીયા, અરજદાર નં.૩ વિજયભાઈ કિર્તનભાઈ બબેરીયા, અરજદાર નં.૪ અજયભાઈ કિર્તનભાઈ બબેરીયા, અરજદાર નં.૫ સંજયભાઈ કિર્તનભાઈ બબેરીયા અને અરજદાર નં.૬ ઈન્દીરાબેન કિર્તનભાઈ બબેરીયા નાઓ ગુજરનાર કિર્તનભાઈ છગનભાઈ બબેરીયાના આશ્રીત હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) આ કામે સામાવાળાઓએ ગુજરનારના આશ્રીતોને સમાધાન મુજબની નકકી થયેલ કુલ રકમ રૂ.૧૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા અઠાર લાખ પુરા) દિન–૩૦ માં અત્રેની અદાલતમાં જમાં કરાવવાના રહેશે.

(૪) સામાવાળાઓ જો સમાધાન મુજબની રકમ દિન–૩૦ માં જમા ન કરાવે તો ત્યારબાદ સમાધાનની રકમ રૂ.૧૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા

અઠાર લાખ પુરા) ઉપર રકમ ચુકવ્યા સુધીનું વાર્ષિક ૧૨ % સાદુ વ્યાજ ચુકવવાનું રહેશે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ તા.૧૧ મી જુલાઈ ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા : ૧૧/૦૭/૨૦૨૬
દાહોદ.

(પ્રગ્નેશ સુધિરચંદ્ર સુચક)
કમીશ્નર ફોર
વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ, લેબર કોર્ટ, દાહોદ.
GJ-01118